## આવતીકાલનો ઉજાસ



**પલક કે ભગોરા**
**ધો-૯, આર જી પટેલ કન્યા વિદ્યાલય**

અભ્યાસ ઉપરાંત વિવિધ પ્રવૃત્તિઓમાં પણ પલક ખૂબ જ ઊંડો રસ ધરાવે છે. મિલનસાર અને વાચાળ પ્રકૃતિ ધરાવનારી તે અન્યને મદદ કરવા હંમેશા તત્પર રહે છે તેમજ ચિત્રલેખન, રંગપૂરણી સ્પર્ધામાં સમગ્ર ગુજરાત કક્ષાએ ત્રીજા ક્રમ પર આવી તેણે શાળાનું નામ ઉજ્જવળ કર્યું છે.



**આશિષ એન સાકરિયા**
**ધો-૧૧ કૉમર્સ**
**પ્રેરણા વિદ્યાલય**

આશિષ અભ્યાસની સાથે સાથે ઈતર પ્રવૃત્તિઓને પણ વધુ મહત્ત્વ આપે છે. રમતગમત, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં હંમેશા તે અગ્રેસર રહે છે. મધ્યમ વર્ગમાંથી આવતો આશિષ સૅક્ટર-૬માં આવેલ જીમખાનામાં નોકરી કરીને પિતાને પરિવારનું ગુજરાન ચલાવવામાં મદદરૂપ થાય છે. સ્વભાવે શાંત અને સરળ આશિષ દરેકને મદદ માટે તત્પર રહે છે.

પર્યાવરણ દિન નિમિત્તે ગાંધીનગરના સુઘડ ગામ ખાતે યોજાયેલ કાર્યક્રમ દરમ્યાન ત્યાંના તળાવમાં શાળાના બે વિદ્યાર્થીઓ પડી જતાં શાળાના એક વિદ્યાર્થી મનોજ સાથે મળીને ડૂબતા વિદ્યાર્થીઓને આ હિંમતવાન વિદ્યાર્થીએ બચાવ્યા હતા.



ગુજરાત યુનિવર્સિટી તરફથી પ્રથમવાર ઓનલાઈન પરીક્ષાની શરૂઆત કરવામાં આવી.

# ગાંધીનગર શહેરની શાળાઓનું વિલિનિકરણ અટકાવવા બોરીજ વિકાસ મંડળની ઉગ્ર માગ

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેરી બોરીજ, ઈન્દ્રોડા, ધોળાકુવા તથા ફતેપુરા જેવા ૧૪ જેટલા ગામોની સંપાદિત થયેલ જમીન પર ઊભું થયેલું છે. શહેરનો ઉત્તરોત્તર વિકાસ આજરોજ પણ ચાલુ છે. જેના અનુસંધાને શ્રમિકોની સંખ્યા પણ ઘણી મોટી જોવા મળે છે. આ બાબતને ધ્યાને લઈ ભૂતકાળમાં શહેરી વિસ્તારમાં માધ્યમિક તથા ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ શરૂકરવામાં આવી છે. જેનો સીધો લાભ શ્રમિક, નીચલો વર્ગ તથા મધ્યમ વર્ગને મળી રહ્યોછે અને હાલમાં સે. ૨૦ની માધ્યમિક શાળામાં ધો. ૯ તથા ધો. ૧૦માં કુલ વિદ્યાર્થીઓની સંખ્યા ૧૪૦ છે. જે નિયમ પ્રમાણે વિશેષ છે. અને હવે પછીના આવતા વર્ષ તરફ નજર કરીએ. બોરીજની શાળામાં ધો. ૮માં ૯૫, સેક્ટર-૨૦માં ધોરણઃ૮માં ૫૦ બાળકો છે. ઉપરાંત ઈન્દ્રોદા ધોળાકુવા તથા શહેરના શ્રમિક વર્ગના બાળકો પણ સે. ૨૦ની માધ્યમિક શાળામાં ધો. ૯માં પ્રવેશ મેળવવાના છે. શહેરની માધ્યમિક તથા ઉચ્ચત્તર માધ્યમિક એવી બે શાળાઓને બંધ કરી દેવાના હુકમો થયેલા છે. જે અજુગતુ તથા અયોગ્ય નિર્ણય હોઈ તેવું જણાય છે. કારણ કે સરકારી શાળાઓ હોવા છતાંય આડેધડ ખાનગી શાળાઓને મંજુરીઓ અપાઈ રહી છે. તેની પાછળનો ગર્ભિત તર્ક શું છે ? શું સરકારી શિક્ષણનો સ્ટાફ ગુણવત્તાસભર શિક્ષણ નથી આપી શકતો કે ખાનગી શાળાને પ્રોત્સાહન અપાઈ રહ્યું છે. જો આજ સ્થિતિ યથાવત રહેશે તો ગરીબ બાળકો અધવચ્ચેથી પોતાનું શિક્ષણ છોડી દઈ અલગ માર્ગ અપનાવશે અથવા તો ગરીબ પરિવારો ખાનગી શાળામાં કમ્મરતોડ શિક્ષણ ફી ભરી વધુ ગરીબીમાં ધકેલાઈ જશે.

સરકારે કન્યા કેળવણી ઉપર ભાર મૂક્યોછે અને કન્યાઓ પણ શિક્ષણ મેળવતી થઈ છે. ત્યારે આ શાળાઓમાં અભ્યાસ કરતા બાળકોની સંખ્યા તથા કેટલા કિલોમીટરને આવરી લઈ માધ્યમિક તથા ઉચ્ચત્તર માધ્યમિક શાળા રાખવી, આ તમામ બાબતોને ધ્યાનમાં લઈ શ્રમિક, નિચલો વર્ગ તથા મધ્યમ વર્ગના બાળકો શિક્ષણથી વંચિત ન રહે તથા તેની અસરો આપણા પ્રદેશ કે દેશ પર ન વર્તાય તેની કાળજી લઈ આ શાળાઓ વિલિનિકરણના હુકમો પાછા ખેંચી યથાવત સ્થિતિ જાળવી રાખવામાં આવે તેવી બોરીજ વિકાસ મંડળની આગ્રહભરી વિનંતી છે.

# બિનસરકારી અનુદાનિત કોલેજોમાં આચાર્યની ખાલી જગ્યા ભરવા માટે ૧૫મીએ ઈન્ટરવ્યૂ યોજાશે

ગાંધીનગર, તા. ૨

ઉચ્ચ શિક્ષણ કમિશનર કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા અનુદાનિત કોલેજોએ આપેલી સંમતિના આધારે રાજ્યની યુનિવર્સિટીઓના સહયોગથી ગુજરાત રાજ્યમાં આવેલી બિન સરકારી અનુદાનિત કોલેજોમાં ખાલી જગ્યાઓ ભરવા માટે શૈક્ષણિક યોગ્યતા ધરાવતા ઉમેદવારો પાસેથી ઓનલાઈન અરજીઓ આમંત્રિત કરવામાં આવી હતી. કેન્દ્રીયકૃત ભરતી પ્રક્રિયામાં સંમતિ દર્શાવેલી કોલેજોના ઈન્ટરવ્યૂ તા. ૧૪, ૧૫ ફેબ્રુઆરી-૨૦૧૨ દરમિયાન ગાંધીનગર મુકામે યોજાયા હતા. યુનિવર્સિટી મથકે તા. ૧૫મી મે-૨૦૧૨ના રોજ બિન સરકારી અનુદાનિત કોલેજોમાં આચાર્યની ખાલી જગ્યા ભરવા માટે સંમતિ દર્શાવેલી કુલ ૫૩ કોલેજોના ઈન્ટરવ્યૂ યોજાશે. જેનું સમયપત્રક http://www.chegaj.com વેબસાઈટ પર મુકવામાં આવ્યું છે. ઉમેદવારોને યુનિવર્સિટી મથકે સમયસર ઉપસ્થિત રહેવા આઈ.એ.એસ. અને ઉચ્ચ શિક્ષણ કમિશનર ડૉ. જયંતિ એસ. રવીએ ખાસ જણાવ્યું છે.

# નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા આજથી સાયન્સ ફિલ્મ શો

*ગાંધીનગર, તા. ૧*

*નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સૅન્ટર દ્વારા વિદ્યાર્થીઓ માટે વિવિધ વિજ્ઞાનલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. વૅકેશન દરમ્યાન વિદ્યાર્થીઓ પોતાની રજાઓ ટીવી, વિડીયોગેમ, ફિલ્મો વગેરેમાં ન વેડફી દે તે માટે સાયન્સ સેન્ટર દ્વારા વિવિધ વૈજ્ઞાનિક પ્રવૃત્તિઓનું આયોજન પણ કરવામાં આવે છે.*

*આવા જ કાર્યક્રમોના ક્રમમાં તા. ૩થી ૧૨ મે દરમ્યાન દરરોજ રાત્રે ૮થી ૧૦-૩૦ના સમય દરમ્યાન નિસર્ગ સાયન્સ સેન્ટર, બ્લોક નં. ૬૧/૧, ઘ ટાઈપ, લગ્ન વાડી પાસે, સૅક્ટર-૨૩ ખાતે વિજ્ઞાન વિષયક રોમાંચક અને થીમ બેઝ્ડ ફિલ્મો દર્શાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. હૉલીવૂડની સુપરહિટ અને પ્રસિદ્ધ, સફળ ફિલ્મો આ દિવસો દરમ્યાન વિદ્યાર્થીઓને દર્શાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. ઍલસીડી પ્રૉજેક્ટરની મદદથી મોટા સ્ક્રીન ઉપર આ ફિલ્મો દર્શાવવામાં આવશે. આ ફિલ્મો દર્શાવવા માટે કોઈ ચાર્જ લેવાનો નથી, એમ જણાવી સેન્ટર દ્વારા રસ ધરાવતા વિદ્યાર્થીઓ ઉપરાંત નગરજનોને પણ ફિલ્મો જોવા માટે આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.*

*આ કાર્યક્રમ અંતર્ગત તા. ૩ના રોજ ૨૦૧૨, તા. ૪ના રોજ ટ્રાન્સફોર્મર્સ, તા. ૫ના રોજ વોલ્કેનો, તા. ૬ના રોજ આર્માગેડન, તા. ૭ના રોજ ટર્મીનેટર, તા. ૮ના રોજ ટ્રાન્સફોર્મર્સ-૩, તા. ૯ના રોજ ઈવોલ્યુશન, તા. ૧૦ના રોજ ઈન્ડીપેન્ડન્સ ડે, તા. ૧૧ના રોજ પ્રિડેટર તથા તા. ૧૨ના રોજ રેસ ટુ વિટ માઉન્ટેન દર્શાવવામાં આવશે.*

# વાર્ષિક પરીક્ષા પરિણામ

## સૅન્ટ ઝેવિયર્સ પ્રાઈમરી સ્કૂલ

| ધોરણ | રેન્ક | વિદ્યાર્થીનું નામ | માર્ક્સ |
|---|---|---|---|
| ૧ એ | ૧ | ભાવસાર હર્ષિલ | ૫૮૬ |
| | ૨ | પટેલ જૈત્ર | ૫૮૩ |
| | ૨ | કાછીયા ધ્વનિ | ૫૮૩ |
| | ૩ | રજ્જાદા યશવર્ધન | ૫૮૦ |
| | ૩ | સિમ્પી યશ્વી | ૫૮૦ |
| | ૩ | ગાંધી અંશી | ૫૮૦ |
| ૧ બી | ૧ | અમીન જસ્વી પી | ૫૮૬ |
| | ૨ | અમીન જુઈ પી | ૫૮૪ |
| | ૩ | પંડ્યા નિસર્ગ કે | ૫૮૩ |
| ૧ સી | ૧ | વાઘેશ્વરી પ્રત્વી એસ | ૫૮૪ |
| | ૨ | પટેલ રિદ્ધિ એચ | ૫૬૭ |
| | ૩ | રાણા મૃદંગ જે | ૫૬૨ |
| ૨ એ | ૧ | પિલ્લાઈ નિધિ એ | ૫૮૬ |
| | ૨ | મેનન અમોદ એસ | ૫૭૮ |
| | ૨ | ઓઝા ક્ષિતિજ એમ | ૫૭૮ |
| | ૩ | મોદી યશ્વી એચ | ૫૭૧ |
| ૨ બી | ૧ | પટેલ ખુશ પી | ૫૮૬ |
| | ૨ | સામા ઈરા યુ | ૫૮૩ |
| | ૩ | પઢિયાર આશ્કા આર | ૫૮૨ |
| ૨ સી | ૧ | પટેલ ક્રિશ પી | ૫૮૪ |
| | ૧ | વરિયા ધૃવી | ૫૮૪ |
| | ૨ | આસોલિયા પાર્થ જે | ૫૮૨ |
| | ૩ | દવે જય જે | ૫૭૮ |
| ૩ એ | ૧ | પટેલ હીરવા પી | ૬૭૦ |
| | ૨ | કામથ અંશુ | ૬૫૯ |
| | ૩ | નાયર નવ્યા | ૬૫૭ |
| | ૩ | વાધાણી રમ્યા | ૬૫૭ |
| ૩ બી | ૧ | પ્રધાન શિવાલી | ૬૮૪ |
| | ૨ | નાયર અર્ચના | ૬૮૦ |
| | ૩ | ચૌધરી પ્રિયાંશી | ૬૫૦ |
| | ૩ | ભાવસાર વંશ | ૬૫૦ |
| ૩ સી | ૧ | પટેલ દીપ જે | ૬૭૦ |
| | ૨ | ત્રિવેદી વિધિ | ૬૬૬ |
| | ૩ | પટેલ વંશ એન | ૬૫૦ |
| ૪ એ | ૧ | પટેલ ઓમ એસ | ૬૭૦ |
| | ૨ | ઠક્કર કૃપા ડી | ૬૬૩ |
| | ૩ | ઠક્કર કૃશીલ ડી | ૬૫૬ |
| ૪ બી | ૧ | મહેતા નીલ | ૬૬૪ |
| | ૧ | પારેખ ધરા એમ | ૬૬૪ |
| | ૨ | ભંડારી આકાશ | ૬૫૭ |
| | ૩ | થાનકી દિયા કે | ૬૫૩ |
| ૪ સી | ૧ | પટેલ વેદાંત પી | ૬૬૪ |
| | ૨ | રાવલ તીર્થ કે | ૬૫૯ |
| | ૩ | ગઢવી પ્રદીપસિંહ કે | ૬૩૬ |
| ૫ એ | ૧ | ઠક્કર નિનાદ પી | ૯૬૦ |
| | ૨ | પટેલ કાવ્યા | ૯૩૩ |
| | ૩ | ડાભી યાત્રી | ૮૭૬ |
| ૫ બી | ૧ | ઠક્કર માધવ | ૯૫૧ |
| | ૨ | પટેલ રિદ્ધિ | ૯૩૫ |
| | ૩ | જોશી અંકિત | ૯૩૧ |
| ૫ સી | ૧ | ગાંધી રિયા ડી | ૯૪૫ |
| | ૧ | પ્રજાપતિ પંક્તિ જે | ૯૪૫ |
| | ૨ | ગાંધી તન્વી ડી | ૯૩૭ |
| | ૩ | પટેલ કનિષ્કા આર | ૯૨૫ |
| ૬ એ | ૧ | સામા અક્સા | ૯૩૭ |
| | ૨ | શાહ અક્ષજ | ૯૨૩ |
| | ૩ | પટેલ મીત | ૯૦૫ |
| ૬ બી | ૧ | પટેલ ઝીલ | ૯૨૪ |
| | ૨ | અડાલજા કૃતિ | ૯૧૬ |
| | ૩ | શર્મા વેદાંત | ૯૦૬ |
| ૭ એ | ૧ | જ્હાલા સંકલ્પ | ૯૪૭ |
| | ૨ | ખન્ના રાજ ટી | ૯૩૧ |
| | ૩ | જાની ધ્યેય | ૮૯૭ |
| ૭ બી | ૧ | રાજવીર નિત્યમ | ૯૦૩ |
| | ૨ | પુજારા શ્રેયા | ૮૯૧ |
| | ૩ | શાહ ખુશી | ૮૮૩ |
| ૭ સી | ૧ | પટેલ ચાર્મી પી | ૯૪૨ |
| | ૨ | પટેલ નિહાર પી | ૯૩૯ |
| | ૩ | પરમાર શ્રીનિધિ એન | ૯૧૯ |

## મહર્ષિ અત્રિ વિદ્યાલય

| ધોરણ | રેન્ક | વિદ્યાર્થીનું નામ | ટકા |
|---|---|---|---|
| ૧ | ૧ | વાઘેલા રોહન ગજેન્દ્રસિંહ | ૯૮.૨૫ |
| | ૨ | પરમાર મેશ્વાબા કવિન્દ્રસિંહ | ૯૮ |
| | ૩ | વાઘેલા વિશ્વજિતસિંહ ભરતસિંહ | ૯૭.૫૦ |
| ૨ | ૧ | ભટ્ટ હેત હસમુખકુમાર | ૯૪.૫૦ |
| | ૧ | પંડ્યા દેવાંશી જનકકુમાર | ૯૪.૫૦ |
| | ૨ | વાઘેલા પ્રાચિકુંવરબા જયદિપસિંહ | ૯૪ |
| | ૩ | વાઘેલા જયરાજસિંહ શૈલેન્દ્રસિંહ | ૯૩.૭૫ |
| | ૩ | વાઘેલા પ્રાચીબા સંજયસિંહ | ૯૩.૭૫ |
| ૩ | ૧ | વાઘેલા હેમાંગીબા પુષ્પેન્દ્રસિંહ | ૯૫.૮૦ |
| | ૨ | વાઘેલા સંજનાબેન બહાદુરસિંહ | ૯૨.૪૦ |
| | ૩ | પટેલ દેવાંશી ભરતકુમાર | ૮૯.૪૦ |
| ૪ | ૧ | મેંદપરા યશ ભરતભાઈ | ૯૬.૧૮ |
| | ૨ | ઓઝા કલ્પ પરિતોષકુમાર | ૯૬ |
| | ૩ | પ્રજાપતિ સુહાની વસંતભાઈ | ૮૮.૯૧ |
| ૫ | ૧ | પટેલ ગૌરવ દિનેશભાઈ | ૯૮.૪૭ |
| | ૨ | પટેલ ફોરમ સુધીરભાઈ | ૯૫.૮૮ |
| | ૩ | ભાખર જૈમિન રાજેશભાઈ | ૯૫.૭૬ |
| ૬ | ૧ | ઠક્કર રાજ સુરેશભાઈ | ૯૭.૬૭ |
| | ૨ | પટેલ કૌમિક કલ્પેશભાઈ | ૯૫.૮૯ |
| | ૩ | પટેલ રૂત્તિક વિનુભાઈ | ૯૫.૧૧ |
| ૭ | ૧ | મોરી વાસુદેવ કમલેશભાઈ | ૯૪.૧૧ |
| | ૨ | પટેલ અર્પિત વિજયભાઈ | ૯૩.૧૭ |
| | ૨ | ઠુમ્મર ઋષિક જયંતિભાઈ | ૯૩.૧૭ |
| | ૩ | પટેલ મિત હરેશભાઈ | ૯૨.૫૮ |
| ૮ | ૧ | બામરોલિયા બાદલ પ્રવિણભાઈ | ૯૨ |
| | ૨ | નાકરાણી નિસર્ગ કિશોરભાઈ | ૮૮.૮૮ |
| | ૩ | પટેલ વૈભવ અતુલભાઈ | ૮૮.૬૬ |

## શાંતિનિકેતન શાળા

| ધોરણ | રેન્ક | વિદ્યાર્થીનું નામ | ટકા |
|---|---|---|---|
| જુકેજી | ૧ | વાઘેલા સુર્યદીપ એન | ૯૫.૬ |
| | ૨ | બિહોલા જ્યોતિ આર | ૯૩.૬ |
| | ૩ | સોલંકી વૈભવી એન | ૯૧.૮ |
| સિકેજી | ૧ | બેલીવ રીઝવાન એમ | ૯૮.૪ |
| | ૨ | ખાંટ કેયુર આર | ૯૮.૨ |
| | ૩ | ઉપાલા આકાંક્ષા સી | ૯૮ |
| ૧ | ૧ | પરમાર શ્રદ્ધાબા બી | ૯૧.૮૫ |
| | ૨ | ડામોર જ્યોત્સ્ના બી | ૯૧.૫૭ |
| | ૩ | પઠાણ તસ્કીનબાનુ એસ | ૮૮.૭૧ |
| ૨ | ૧ | રાઠોડ શ્રેયા જી | ૯૪.૧૪ |
| | ૧ | ચાવડા હર્ષિતા એમ | ૯૪.૧૪ |
| | ૨ | શાહ કેવલ આર | ૮૯ |
| | ૩ | ખાંટ પારસ આર | ૮૮.૮૫ |
| ૩ | ૧ | સરવૈયા ભાર્ગવી એમ | ૯૩.૮૭ |
| | ૧ | ખાંટ હાર્દિકા બી | ૯૩.૮૭ |
| | ૨ | રાઠવા પ્રિતી પી | ૮૫.૧૨ |
| | ૩ | ધાંધ્રેશા વિશ્વજીત આર | ૮૩.૬૩ |
| ૪ | ૧ | રાજપુત દિશા એમ | ૯૩.૫ |
| | ૨ | ઠાકોર જનક બી | ૯૨.૩૭ |
| | ૩ | મોડીયા યશ્વી બી | ૮૪.૩૭ |
| ૫ | ૧ | નિનામા ભરત એ | ૮૭.૨૨ |
| | ૨ | પ્રજાપતિ દર્શના ડી | ૮૦ |
| | ૩ | ચાવડા ઉન્નતીબા જે | ૮૩ |
| ૬ | ૧ | નાયક રીયાબેન એસ | ૯૨.૪ |
| | ૨ | પઠાણ સીમા યુ | ૯૨.૧ |
| | ૩ | ડામોર ટીંકલ આર | ૮૮.૯ |
| ૭ | ૧ | પાંડર જયદીપ એન | ૯૨.૮ |
| | ૨ | પઠાણ મહોદસોહિલ એ | ૯૧.૩ |
| | ૩ | પ્રજાપતિ જીગર ડી | ૯૦.૮ |
| ૮ | ૧ | મકવાણા ગાયત્રી એમ | ૭૭.૮૦ |
| | ૨ | અખાડે વિનીતા એમ | ૭૪.૪૦ |
| | ૩ | પઠાણ આદિલ યુ | ૭૩.૯૦ |
| ૯ | ૧ | બષ્યા મેહુલ આર | ૮૭.૪૪ |
| | ૨ | ગામીત પ્રતીક્ષા | ૮૦.૬૧ |
| | ૩ | ખાંટ હિતેશ આર | ૮૦.૪૮ |

# ગાંધીનગરમાં રાસની પ્રવૃત્તિના પાયોનિયર : જગતસિંહ ઝાલા

## ખેલૈયાઓ નવું કરવા કટિબદ્ધ હતા તો જગતસિંહે પણ ગાંધીનગરને ટોચ પર પહોંચાડવાનું ઠાની લીધું હતું, આમ રંગોલી કલાવૃંદની સફર શરૂ થઈ

*ઘટમાં ઘોડા થનગને ને આતમ વિંઝે પાંખ, અણદીઠેલી ભોમ પર યૌવન માંડે આંખ...*

લોકસંસ્કૃતિની સુવાસથી મ્હોરતી ગરવી ગુર્જર ધરા અને એના હાર્દ સમું શહેર ગાંધીનગર અને એમાં વસતા કોડીલા, થનગનતા કલાકારો. પણ ઘટમાં ઘોડા થનગને એટલે યાદ આવે દાંડિયા રાસના કલાકારો. યાદ આવે રંગોલી કલાવૃંદ અને તેના સ્થાપક જેના લોહીમાં જ રાસ-ગરબા વણાઈ ગયા છે એવા ઉત્કૃષ્ટ કલાકાર અને કોરિયોગ્રાફર શ્રી જગતસિંહ ઝાલા એટલે કે ઝાલાબાપુ.

જગતસિંહનો શાલા અભ્યાસ કલાનગરી ભાવનગરની જાણીતી શાળાઓ - ગિજુભાઈ બધેકાની દક્ષિણામૂર્તિ અને હરભાઈ ત્રિવેદીની ઘરશાળામાં. બંને શાળા અભ્યાસ દરમ્યાન અનેક બાળ નાટકો અને જુદી જુદી સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં ભાગ લીધો હતો. ધોરણ-૮માં હતા ત્યારથી જ ભાવનગરના જાણીતા એમેચ્યોર કલાવૃંદમાં જોડાયા અને આ વૃંદ સાથે ભાવનગર, સુરત, મુંબઈ, દિલ્હી, કલકત્તા વગેરે સ્થળોએ રાસ-ગરબાના કાર્યક્રમો રજૂ કર્યા. તેવી જ રીતે કૉલેજ અભ્યાસની સાથે સાથે પણ ભાવનગરમાં સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ભાગ લીધો. બીએડ કર્યા પછી બોટાદમાં શિક્ષકની નોકરી સ્વીકારી. એ પછી ૧૯૮૧માં ઝાલાબાપુ ગાંધીનગરમાં સ્થાયી થયા. એ સમયે ગાંધીનગરમાં ઘણા ગરબા ગૃપ હતા, પરંતુ રાસનું ભાઈઓનું કોઈ ગૃપ ન હતું. આથી ભાવનગરનો રાસ-ગરબાનો કલાવારસો લઈને આવેલા જગતસિંહને વિચાર આવ્યા કરતો હતો કે રાસ (દાંડિયા) ક્ષેત્રે ગાંધીનગરમાં પણ કંઈક જમાવટ કરીએ અને ૧૯૮૨થી ગાંધીનગરની જાણીતી સંસ્થા સુરમધુરના મયંકભાઈ દવે સાથે અનેક કાર્યક્રમોમાં રાસ-ગરબાની કોરિયોગ્રાફી કરાવી અને સાથે કાર્યક્રમો રજૂ કરીને ગાંધીનગરમાં ઝાલાબાપુએ અચ્છા કલાકાર અને કોરિયોગ્રાફર તરીકે ઓળખ પ્રસ્થાપિત કરી. ૧૯૮૪માં ઘનશ્યામ પટેલ, સંજીવ મહેતા વિ.ની ઓરેવી સંસ્થામાં બે વર્ષ સુધી રાસની રમઝટ બોલાવી. આમ વર્ષોના રાસ રમવાના, કોરિયોગ્રાફી કરવાના અને કાર્યક્રમોનું આયોજન કરવાના અનુભવ પછી ૧૯૮૫માં ગાંધીનગરમાં પોતાનું ગૃપ રંગોલી કલાવૃંદની સ્થાપના કરી. આ દરમ્યાન ગાંધીનગરમાં પણ સારી એવી કલા પ્રવૃત્તિઓ થવા લાગી હતી. ખેલૈયાઓ નવું કરવા કટિબદ્ધ હતા તો જગતસિંહે પણ ગાંધીનગરને ટોચ પર પહોંચાડવાનું ઠાની લીધું હતું. આમ રંગોલી કલાવૃંદની સફર શરૂ થઈ. બાપુના મિત્ર-કમ-શિષ્યો સી એમ પટેલ, ઘનશ્યામ પટેલ, હરેશ રાઠોડ (બાપુ), ઉલ્લાસ જાની, નયન ઉપાધ્યાય, સિદ્ધાર્થ પાઠક, ઋષિકેશ ભટ્ટ, આશિષ ભટ્ટ વિ. રંગોલી



**કેફિયત કલા સાધકની**
**- આશા સરવૈયા**

કલાવૃંદના સિનીયર કલાકારો આધારસ્તંભ બન્યા. આ વર્ષોમાં રંગોલીના કાર્યક્રમો ગુજરાત તેમજ ભારતભરમાં યોજાયા. સાર્ક ગેમ્સ જેવી મેગા ઈન્ટરનેશનલ સ્પોર્ટ્સની ચેન્નાઈ ખાતે યોજાયેલ ઓપનીંગ સેરીમનીમાં ભારતના અન્ય રાજ્યોના શ્રેષ્ઠ ડાન્સીંગ ટ્રુપ્સ સાથે ગુજરાતનો રાસ રજૂ કરીને ગુજરાતને ગૌરવ અપાવ્યું હતું. એટલું જ નહીં, ઉપસ્થિત સૌની પ્રશંસા પ્રાપ્ત કરી હતી. કુલુ-મનાલીમાં યોજાતા પ્રખ્યાત દશેરા ફેસ્ટીવલમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરીને પ્રસ્તુત કરેલ રાસ દ્વારા ગાંધીનગર અને ગુજરાતને ગૌરવ અપાવ્યું હતું. કલા ગુર્જરી મુંબઈ દ્વારા યોજાતી આંતરરાજ્ય રાસ-ગરબા સ્પર્ધામાં સતત ત્રણ વર્ષ સુધી (૧૯૯૮-૨૦૦૦) બાપુએ કોરિયોગ્રાફી કરાવેલ રંગોલી ગૃપની કૃતિએ પ્રથમ સ્થાન મેળવ્યું હતું, જે નોંધનીય ગણાય. ગુજરાત રાજ્ય આયોજિત રાસ-ગરબા સ્પર્ધામાં પ્રાચીન ગરબા, અર્વાચીન ગરબા અને રાસ સ્પર્ધામાં વિજેતા બનીને રંગોલી ગૃપે ગાંધીનગરને રાજ્ય કક્ષાએ પણ પ્રતિષ્ઠા અપાવી હતી. સ્પોર્ટ્સ કલબ- અમદાવાદ, સ્વર દર્શન-અમદાવાદ, ફોરમ-ભરૂચ, લોકકલા ફાઉન્ડેશન-અમદાવાદ દ્વારા યોજવામાં આવેલ રાસ-ગરબા સ્પર્ધાઓમાં રંગોલીએ ઝાલાબાપુના નેતૃત્વમાં ઈનામો પ્રાપ્ત કર્યા હતા. આ ઉપરાંત રંગોલી કલાવૃંદે આજથી બાર-તેર વર્ષ પહેલાં દૂરદર્શન પર એકસાથે આઠ રાસ, ગરબા અને લોકનૃત્યો રજૂ કર્યા હતા, જેમાંની દીવડા સાથે કરેલ આરતી નૃત્ય (જયો જયો મા જગદંબે) એટલું પ્રભાવક હતું કે દર વર્ષે નવરાત્રિના નવે દિવસ દૂરદર્શન ઉપર તેનું પ્રસારણ હજી પણ થાય છે, જે આનંદ અને ગૌરવપૂર્ણ ઘટના છે.

જગતસિંહ બાપુએ ગાંધીનગરની સૅક્ટર-૨૨, ૨૦, ૭ અને છેલ્લે સૅક્ટર-૧૬ની સરકારી શાળામાં શિક્ષણ કાર્ય કર્યું છે. આ બધી શાળાના વિદ્યાર્થીઓને રાસ, ગરબા અને લોક નૃત્યો ક્ષેત્રે તેમની પારંગતતાનો લાભ અવશ્ય મળ્યો છે. આ ઉપરાંત ગાંધીનગર શહેરમાં રાસ-ગરબા ક્ષેત્રે કાર્યરત અનેક વૃંદોએ પણ તેમની નિપુણતાનો લાભ અનેકવાર માણ્યો છે.

રાજ્યમાં સાંસ્કૃતિક ક્ષેત્રે શિરમોર ગણાતી પ્રજાસત્તાક દિનની ઉજવણીમાં ૨૦૦૪ની સાલમાં ૧૨૦૦ છોકરીઓને બેડા નૃત્યની કોરિયોગ્રાફી કરાવવાની તક જગતસિંહે સુપેરે નિભાવી હતી. રાસ-ગરબા ગુરૂ જગતસિંહ બાપુ શિસ્ત અને પરફૅક્શનના ખૂબ આગ્રહી હતા એટલું જ નહીં પરંતુ શિષ્યો પાસેથી તેઓ મહેનત અને ધગશની પણ અપેક્ષા રાખતા. છોકરીઓને ઠેસ બરાબર લેવાય એ માટે બીજા પગ પર ઈંટ રખાવીને કમ્મરેથી નમવા માટે દોરી બંધાવીને પ્રેક્ટીસ કરાવવાનો કિમીયો અજમાવતા. ઝાલાબાપુએ આ ક્ષેત્રે ૨૫૦૦થી ૩૦૦૦ જેટલા કલાકારોને તેમની લાંબી કારકિર્દી દરમ્યાન તાલીમ આપી છે, જે ખરેખર અભિનંદનીય છે.

ગાંધીનગરની સંસ્થા અવસર દ્વારા જગતસિંહનું રાસ-ગરબા તથાત લોક નૃત્યો ક્ષેત્રે તેમણે કરેલ પ્રદાન બદલ સન્માન કરવામાં આવ્યું હતું. છેલ્લાં ઘણાં વર્ષોથી જિલ્લા અને રાજ્ય કક્ષાની સાંસ્કૃતિક સ્પર્ધાઓમાં નિર્ણાયક તરીકે તેમની સેવાઓ પણ લેવામાં આવે છે.

ઝાલાબાપુના પુત્ર મૃગેન્દ્રસિંહ તથા પુત્રી ભક્તિબા પણ રાસ-ગરબાના સારા કલાકાર છે. 'મોરના ઈંડા કાંઈ ચિતરવાનાં થોડા હોય !'

૨૦૦૨ની સાલમાં જગતસિંહના નાના ભાઈનું અકાળે અવસાન થતાં તેઓએ રંગોલી કલાવૃંદની પ્રવૃત્તિઓ બંધ કરી હતી, જેની ખોટ આ નગરને હજી સાલે છે.

ગાંધીનગરને કર્મભૂમિ બનાવીને રાજ્ય અને રાષ્ટ્ર કક્ષાએ ગૌરવવંતું સ્થાન અપાવ્યું તે માટે સૌ ગાંધીનગરવાસીઓના જગતસિંહ બાપુને જય માતાજી.